ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબાર યાદી** Date :20th Marh, 2018

પ્રતિ,
તંત્રી શ્રી,
............................................................................., ભાવનગર.

### કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

## સ્ટીફન્સ હોકિંગ્સને સ્મરણાજલિ સાથે વિશ્વ ચકલી દિવસ ઉજવાયો.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત, કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા અને લોકોને વિજ્ઞાન પ્રત્યે ઉજાગર કરવાના હેતુથી છેલ્લા ૧૬ વર્ષથી ભાવનગર જીલ્લાની વિવિધ શાળાઓ, કોલેજો માં વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવે છે.

માનવીના ઝડપી વિકાસની આંધળી દોડના કારણે તે પૃથ્વીના વિવિધ તત્વોને અને તેના દ્વારા રચાતી પોષણ કડીને તોડી રહ્યો છે. જેના કરને ઘણા પક્ષી અને પ્રાણીઓનું અસ્તિત્વ જોખમી બન્યું છે. આવુ જ એક આપણા ઘર આંગણાનું નાનકડું આપણું પ્રિય મિત્ર ચકલી નું પણ આપણે ધીરે ધીરે નિકંદન કાઢવા તરફ આગળ વધી રહ્યા છીએ. આ ચકલીને બચવા દર વર્ષે ૨૦ મી માર્ચને વિશ્વ ચકલી દિવસ તરીકે ઉજવામાં આવે છે. 'વિશ્વ ચકલી દિવસ'ને દિન વિશેષ કરી વિશ્વના મહાન વૈજ્ઞાનિક ડૉ. સ્ટીફન્સ હોકિંગ્સને વિદ્યાર્થીઓ દ્વારા સ્મરણાજલિ આપવામાં આવી.

'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી હેતુ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાવનગર શહેરની શ્રી તેજસ્વી પ્રાથમિક શાળા, આશુતોષ માધ્યમિક શાળા અને વિરાટ પ્રાથમિક શાળાના વિધાર્થીઓ દ્વારા ચકલી બચાવો સંકલ્પ રેલી, માનવ સાંકળ, નાશ થવા જઈ રહેલી વિવિધ જાતિઓના પ્રાણી-પક્ષીઓના ફોટોનું પ્રદર્શન વગેરે કાર્યક્રમો દ્વારા જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ.

આ કાર્યક્રમોમાં શ્રી સુભાષભાઈ મહેતા (રીટાયર્ડ પ્રાધ્યાપક, સાયન્સ કોલેજ, ભાવનગર), શ્રી કૃષ્ણકાંત બક્ષી (સંશોધનકાર, મરીન સાયન્સ વિભાગ) અને પ્રકૃતિ ફોટોગ્રાફર શ્રી જયસિંહજી ગોહિલ હાજર રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમમાં વિધાર્થીઓ અને શિક્ષકો કુલ મળીને ૧૭૦ લોકો જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં શાળાના આચાર્ય, શિક્ષકો અને વિધાર્થીઓનો પુરતો સહકાર પ્રાપ્ત થયેલ.

(હર્ષદ જોશી) 20-03-18

ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.